dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

January 2010 For private circulation only Vol. 02 - Issue 25

નિર્ભય થા,
ને, સત્યની આંખે મેળવ આંખો !
એક બની જા સત્યની સંગે !
મિથ્યા સ્વપ્નાં છોડ નકામાં,
ને,ન બને તો
સત્યોન્નત શમણાં જ સેવ તું !

સ્વામી વિવેકાનંદ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

બહિર્લક્ષી જગતમાં સત્યની શોધ, પ્રકૃતિ પર વિજય મેળવવાનો ઉન્માદ, સમૃદ્ધિના છોળવાળા સમાજની કલ્પના તથા મોભાનું માપદંડ પૈસો, વ્યવસ્થિત જીવન જીવવા માટેનો આધાર સ્તંભ ટેકનો-સેવી થવું, જેવી અનેક ભ્રામક માન્યતાઓ વચ્ચે ઘેરાયેલા આખા વિશ્વના વીરપૂજક યુવાનો સમક્ષનો યક્ષ પ્રશ્ન ‘બહુ પસંદગીનો’ છે. જીવન વિશેની પોતાની ભ્રામક દ્રષ્ટિને લીધે જીવનશૈલીની વિપુલતાથી યુવાનો બાઘા બની જતા દેખાય છે. સાચી જીવનશૈલી અપનાવવા માટેની પસંદગી અંગે વિવેકબુદ્ધિની કચાશે યુવાન વૈજ્ઞાનિક, ડૉકટર, સત્તાધારી રાજકારણી, ટેકનોક્રેટ, અમલદાર, કલાકાર કે પોપ-ગાયક, સંશોધનપ્રિય પંડિત કે બજાર વશ કરતો લેખક, જામતો વેપારી, મેનેજમેન્ટ નિષ્ણાત, સફળતા પ્રાપ્ત કરતો વકીલ, નિષ્ઠાબધ્ધ વામપંથી આંદોલનકારી કે સંનિષ્ઠ આધ્યાત્મિક સાધક, સ્થાપીત હિત વિરોધી હિપ્પી કે તદ્દન અંતર્મુખ એકલિયો જણ, પોતાને ગમતા હીરો, રમતવીર કે ગાયકનું અનુકરણ કરવાની ઘેલછાથી મૂઢ બની જાય છે. ભાવિના દર્શન વિનાના ટેકનોક્રેટ યુવાનો ‘તાત્કાલિકતાના પંથ’ના પૂજારી છે. યુવાનીનો ઊંબરો વટાવી વાસ્તવિક જીવનમાં ડગલું માંડતાં જ યુવાનોને ભાન થાય છે કે એમના આદર્શો, હીરોઝ કે ગુરુઓ તત્કાલ આનંદની વાત કરે છે. તે બધા સરલીકરણના નિષ્ણાતો છે, શાશ્વત સુખ આપે તેવી કોઈ વિભાવના તેમાં નથી. આ યુવાનોને જોઈએ છે - મહાત્માપણાની ખાતરી. આવી ખાતરી જે આપે તેને યુવાનો દંડવંત નમસ્કાર કરવા તૈયાર છે.

સમગ્ર વિશ્વની શિક્ષણ પ્રણાલી પર નજર કરીએ તો સ્પષ્ટ દેખાય છે કે, કેવળ બૌધ્ધિક, ડાબા મસ્તક કેન્દ્રિત, વ્યકિતગત સફળતા અને બાહય જીવનમાં માત્ર અને માત્ર સ્વાર્થી મૂડી પેદા કરતી પધ્ધતિ નીત નવા વાઘા પહેરી આવી રહી છે. આપણા અભ્યાસક્રમોમાં સમગ્રતાના જીવનના મગજના જમણા પાસાને પ્રેરણા આપે, આંતરજીવનને પરિપૂર્ણ બનાવે તથા સમગ્રતાના જીવન થકી ‘બહુજન હિતાય, બહુજન સુખાય’ થી આનંદની અનુભૂતિ થાય તેવી બાબતોને સ્થાન ન મળવાથી માણસો એરિસ્ટોટલ કહયું તેમ સામાજિક પ્રાણીઓ, ફ્રોઈડે કહયું તેમ જીવશાસ્ત્રીય પ્રાણીઓ, બેન્જામીન ફ્રેંકલીનના મત મુજબ ઉપકરણ બનાવતાં પ્રાણીઓ કે એલ્વીન ટોફલરે કહયું તેમ માત્ર અને માત્ર આર્થિક પ્રાણીઓ બનતા જાય છે.

કાતિલ હરિફાઈના વિશ્વમાં સફળતાના મૃગજળ પાછળ દોડતા આજના ચંચળ યુવાનો સમક્ષ યુગપ્રવર્તક પયગંબર સ્વામી વિવેકાનંદ વેદાન્તમાર્ગનો ઉકેલ આપે છે. “જીવનને કે વાસનાતૃપ્તિ માટેની હરિફાઈઓ ક્ષણિક, બિનજરૂરી, બહારથી લદાયેલી અને અજ્ઞાનમૂલક છે.

પ્રગતિ માટે હરીફાઈ આવશ્યક છે એમ માનવાનું કોઈ કારણ નથી. પ્રાણીમાં મનુષ્ય દબાયેલો હતો પણ જેવું દ્વાર ખુલ્યું કે મનુષ્ય બહાર ધસી આવ્યો. મનુષ્યમાં નિહિત ઈશ્વર અજ્ઞાનના તાળાથી પૂરાયેલો છે. જ્ઞાન થકી જેવું આ તાળું તૂટે કે તુરંત ઈશ્વર પ્રગટ થાય છે. જાગ્રત આત્મા સિધ્ધ ન કરી શકે તેવું આ વિશ્વમાં કશું છે જ નહીં. માનવીની અંદર રહેલા ઉચ્ચતર સ્વત્વને-ઈશ્વરને જગાડવાની જરૂર છે. દેહમાં કશી તાકાત વિનાના, હૃદયમાં કોઈ ઉત્સાહ વિનાના અને મગજમાં જરાય મૌલિકતા વિનાના આ જડ પદાર્થના લોચા જેવા માણસો શું કરી શકવાના છે ? તેમનામાં ઉત્સાહ લાવીને મારે તેઓમાં પ્રાણ પૂરવા છે. આ કાર્ય માટે મેં મારું જીવન અર્પણ કર્યું છે. વૈદિક મંત્રોની શકિતથી હું તેમને જાગ્રત કરીશ.”

વિવેકાનંદે તેમના શિષ્યોને સંબોધેલા આ શબ્દો આજે પણ દીવાદાંડી રૂપ છે. “ભીતર રહેલી દિવ્યતાનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરો અને એની આસપાસ બધું સંવાદમય રીતે ગોઠવાઈ જશે.” આખી દુનિયા માણસની ઉત્સાહની - શ્રધ્ધાની શકિતથી બનેલી છે. ઉત્સાહની-શ્રધ્ધાનું શકિતનું માનક એ ‘કઠોપનિષદ’નું માત્ર આઠ વર્ષનું બાળક નચિકેતા

છે. 'કઠોપનિષદ'માં વાજશ્રવાના પુત્ર નચિકેતા અને યમની વચ્ચે થયેલા સંવાદો છે. વાજશ્રવાએ યજ્ઞની દક્ષિણમાં મૂલ્યવાન વસ્તુઓને બદલે ઘરડી અને વસુકી ગયેલી ગાયો તથા નકામી વસ્તુઓનું દાન કરવા માંડયું. આવું દાન કરવાથી મારા પિતા નિશ્ચિતરૂપે સુખોથી રહિત, નરકમાં જશે એવો વિચાર આવતાં તેણે પોતાના પિતાને કહયું - હે તાત ! આપ મને કોને દાન સ્વરૂપમાં આપશો ? અનેકવાર આ પ્રશ્ન પૂછાતાં પિતાએ ક્રોધિત થઈ કહયું કે- 'હું તને યમને આપું છું.' બહાદુર દ્રઢસંકલ્પયુકત બાળક યમ દ્વારે ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો યમની રાહ જોતાં બેસી રહયો. યમરાજ ત્રણ વરદાન આપે છે. અનેક લાલચો આપવા છતાં નચિકેતા ડગતો નથી અને બ્રહમવિદ્યાનું જ્ઞાન યમરાજ પાસેથી મેળવે છે. 'કઠોપનિષદ'ની ત્રીજી વલ્લીમાં વિવેકહીન અને વિવેકશીલ વ્યકિતના ગુણોનું વર્ણન વિસ્તૃત રીતે કરવામાં આવ્યું છે. <u>उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत</u> એ ત્રીજી વલ્લીનો ચૌદમો શ્લોક છે. સ્વામી વિવેકાનંદે આ અભય સંદેશાની ઉદ્‌ઘોષણા કરવા માટે જન્મ ધારણ કર્યો છે તેવું જણાવે છે - ઊઠો, જાગો અને ઈચ્છિત ધ્યેયને પહોંચો નહીં ત્યા સુધી મંડયા રહો.

જૂનાગઢના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈને વિવેકાનંદે તા. ૨૯-૧-૧૮૯૪ના રોજ લખ્યું હતું : "દરેક મનુષ્યને, દરેક રાષ્ટ્રને મહાન બનાવવા માટે ત્રણ બાબતો આવશ્યક છેઃ (૧) શુભની શકિતમાં દ્રઢ શ્રધ્ધા (૨) દ્વેષ અને સંશયનો અભાવ અને (૩) સારુ કરવા અને સારા થવા મથતા સૌને સહાય. ભાવાત્મક, સર્વલક્ષી, બલપ્રદ, પવિત્રકારક, ઉર્ધ્વતા બક્ષે, સ્ફૂર્તિમાન બનાવે અને અંતે, વ્યકિતને કીર્તિ અપાવે તેવા વિચારો થકી આપણે જગતનું નિર્માણ કરીએ છીએ. વિચાર પણ એક બળ છે. ચિંતન એ વિચારમાંથી નિપજતું સૂક્ષ્મ બળ છે. તત્વ જેટલું વધારે શુચિ એટલું ચિંતન વધારે સમર્થ. ચિંતનનું શાંત બળ દૂરના લોકને પણ અસર કરે છે, કારણ ચિત્ત એક તેમજ અનેક છે. સ્વભાવથી જ યુવાનો સ્વપ્નો જોવા ટેવાયેલા હોય છે. યોગ્ય રીતે કામે લગાડેલી કલ્પના શકિત આપણો ઉત્તમ મિત્ર છે; એ પાર જાય છે અને પ્રકાશ જ આપણને સર્વત્ર લઈ જાય છે. કલ્પના શકિતને યુવાનો શુધ્ધ અને પવિત્ર રાખીને કામે લગાડે... કલ્પના શકિત જેટલી વધારે પ્રબળ તેટલી ઝડપથી પરિણામ મળે.

મારી ભાવિ યોજના અંગે મદ્રાસમાં સ્વામીજીએ આપેલ વ્યાખ્યાનમાં યુવાનોને સંબોધતાં જણાવ્યું કે : "મહાન સિધ્ધિઓને માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા હોય છે. પ્રથમ છે : હૃદયપૂર્વકની લાગણી. હૃદય દ્વારા આવે છે અંતઃ પ્રેરણા. દેશપ્રેમી થવાની પહેલી શરત છે લાગણી. તિરસ્કારને બદલે કંઈક સહાય કરવા, લોકોનાં દુઃખો હળવાં કરવાનો માટે મીઠાશભર્યાં વચનોથી ઘણું જીતી શકાય છે. બીજી બાબત છે : તમારામાં પ્રર્વત પ્રાય મુશ્કેલીઓને પાર કરવાની ઈચ્છાશકિત. તમારા ધ્યેય પ્રતિ મકકમપણે આગળ વધવાની તાલાવેલી. અને ત્રીજી બાબત છે : ધ્યેયને પામવા માટેની ધૈર્યશકિત.

મહારાજા ભર્તૃહરિ કહે છે : "વ્યવહારકુશળ માણસો તમારી નિંદા કરે કે પ્રશંસા કરે, લક્ષ્મી દેવી તમારી પાસે આવે કે તેની મરજી પડે ત્યાં ચાલી જાય. મૃત્યુ આજ આવે કે સો વર્ષે આવે, પણ ધૈર્યવાન પુરુષ સત્યના, ન્યાયના માર્ગેથી એક ડગલું પણ ચસકતો નથી." તમારામાં આવી મકકમતા છે ? જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે ચમત્કારો બતાવી શકવાના. તમારે છાપાંઓમાં છપાવવા જવાની જરૂર નહીં રહે; તમારે ભાષણખોરીનીયે જરૂર નહીં પડે. તમારો ચહેરો જ દીપી ઊઠશે. તમે ગુફામાં રહેતા હશો તો પણ એ પથ્થરની દીવાલો સોંસરા તમારા વિચારો નીકળશે અને સેંકડો વર્ષો સુધી ગુંજતા ગુંજતા જગતભરમાં ઘૂમ્યા કરશે, અને અંતે એ કોઈ એકના મગજમાં ચોંટી જઈને કદાચ ત્યાં કાર્યમાં પરિણમશે. વિચારની, સચ્ચાઈની અને શુધ્ધ હેતુની આવી શકિત છે."

ભારતના અતિ દૈદિપ્યમાન ભાવિ અંગે સ્વામીએ ભાખ્યું છે કે : " આત્માના અમરત્વનો સિધ્ધાંત, જગન્નિયંતા તરીકે ઈશ્વરના અસ્તિત્વનો સિધ્ધાંત, પ્રકૃતિમાં તેમજ મનુષ્યમાં ઈશ્વર વ્યાપી રહેલો છે એવો સિધ્ધાંત સૌ પહેલાં આ ભૂમિમાંથી જ ઊઠયાં; ધર્મના અને ફિલસૂફીના ઉચ્ચમાં ઉચ્ચ આદર્શો તેમના સર્વોચ્ચ શિખરે આ ભૂમિમાં જ પહોંચ્યા. જયાંથી આધ્યાત્મિકતા અને ફિલસૂફીએ વારંવર ભરતીનાં મોજાંની પેઠે બહાર ધસી જઈને દુનિયાને તરબોળ કરી મૂકી તે ભૂમિ આ છે; અને માનવ જાતિની અધઃપતિત પ્રજાઓમાં ચેતના અને જોમ પૂરવા અર્થે આવી ભરતી ફરી એક વાર જયાંથી ઊઠવી જોઈએ તે ભૂમિ પણ આ જ છે. આ એજ ભૂમિ છે, જે અદમ્ય જોમ અને અવિનાશી જીવન લઈને દુનિયા પરના કોઈ પણ પહાડ કરતાં વધુ મજબૂત થઈને ઉભેલી છે. એવું જીવન આત્મા સરખા સ્વભાવનું, અનાદિ, અનંત અને અવિનાશી છે; આવા દેશનાં આપણે સંતાનો છીએ."

યુવકો ! કામ કરવા લાગી જાઓ; ખરો સમય આ છે. તાજામાં તાજાં, વણ સ્પર્શ્યાં અને વણ સૂંઘ્યાં પુષ્પો જ પ્રભુને ચરણે અર્પણ કરી શકાય; અને પ્રભુ એવાં જ સ્વીકારે ! માટે આળસ ખંખેરીને ઊભા થાઓ, જીવન ટૂંકું છે ! અને જો મૃત્યુ ચોકકસ જ છે તો આપણે એક મહાન આદર્શને સ્વીકારી લઈએ અને આપણું આખું જીવતર એને અર્પણ કરી દઈએ. આ આપણો દ્રઢ નિર્ણય બને. યુવાન મિત્રો, વિવેકાનંદમય બની તેમણે કલ્પેલું જીવન જીવે તેવી અભિલાષા. અંતે, વર્ડ્ઝવર્થના શબ્દોમાં મારી વાત પૂરી કરીશ.

Bliss was it in what dawn to be alive,
But to be young was very heaven !
-તે પરોઢે જીવતા હોવું, પરમ આનંદ એ ;
હોવું પરંતુ જુવાન, તે તો સ્વર્ગસમ !

૧૫ જાન્યુઆરી, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

## યુનિવર્સિટી ન્યૂઝ

### સ્વર્ણિમ ગુજરાત

### વહીવટી કાર્યક્ષમતા શિબિર



સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ની ઊજવણીના ભાગરૂપે યુનિવર્સિટી અને યુનિવર્સિટીના વહીવટી કર્મચારી મંડળના સંયુક્ત ઉપક્રમે 'વહીવટી કાર્યક્ષમતા' શિબિર તા. ૦૬-૦૧-૨૦૧૦ના રોજ કમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટના સેમિનાર હોલમાં કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.

આ શિબિરના તજજ્ઞ તરીકે શિક્ષણવિદ, પૂર્વ પ્રિન્સિપલ સેક્રેટરી (ગુજરાત રાજ્ય) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રથમ કુલપતિશ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે પોતાના વિદ્વત પ્રવચનમાં કર્મચારીઓને જણાવ્યું કેઃ મારી કારકીર્દિનો ઉદ્‌ભવ સુરતથી થયો, કારકીર્દિનાં પ્રથમ બે વર્ષ સુરતમાં રહ્યો. - વહીવટી કાર્ય કરનારનું પ્રદાન શું છે? - આ શિબિરની શરૂઆત થઈ છે તે પ્રમાણે દર વર્ષે બે દિવસની ચિંતન શિબિર યોજાવી જોઈએ. - વહીવટી અને કેળવણી પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે. - વહીવટીમાં આપણે ધારીએ તે કરી શકીએ તેવું માનીએ છીએ. - એજ્યુકેશનના એડમિનિસ્ટ્રેટરે શિક્ષણના કેન્દ્રમાં કોણ છે? તેનું ધ્યાન રાખીને સંચાલન કરવું જોઈએ. - એડમિનિસ્ટ્રેટીવ સ્ટાફ સપ્લીમેન્ટરી નથી પણ કોમ્પ્લીમેન્ટરી છે. - એડમિનિસ્ટ્રેશન તો દેખાવું જ જોઈએ નહિં. એડમિનિસ્ટ્રેશન ઘડિયાળના કાંટાની માફક અવિરત ચાલવું જોઈએ. - તમામ કક્ષાએ (કારકુનથી અધિકારી) કામ એવી રીતે થવું જોઈએ કે જેથી કરીને જે અધિકારીઓ કે મંડળે જે નિર્ણય લેવાનો છે તે સાચો અને ઝડપથી લઈ શકે. - કારકુન તરીકે આપણે દાખલ થયા ત્યારથી એક એવું ધ્યેય હોવું જોઈએ કે આપણે અધિકારી બની શકીએ. - તમારી કુશળતામાં વધારો તમારે જ કરવાનો છે. તમે તમારું કામ કર્યુ, પણ તમારી સંસ્થાનું પણ અવિરતપણે કાર્ય કરવાનું છે. - તમે જે કામ કરો તે અસરકારક હોવું જોઈએ. આ માટે સૂચનો : (૧) કચેરી કાર્યપદ્ધતિ હોવી જોઈએ. (૨) યુનિવર્સિટી માટે કોમન એકાઉન્ટ કોડ હોવો જોઈએ. અને આ કોમન એકાઉન્ટ કોડ હોવો જોઈએ કે રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ તેનું અનુકરણ કરે. - કેડર પ્રમાણે કાર્યની વહેંચણી હોવી જોઈએ અને પ્રત્યેક કર્મચારીએ વર્કશીટ રાખવી જોઈએ. આ વર્કશીટને કર્મચારીએ નિયમિત અંતરે પોતાના અધિકારીને મૂકવી જ જોઈએ. - ટપાલ પ્રથમ અધિકારીએ જોવી જોઈએ અને સ્વવિવેક અને કામની અગ્રતા મુજબ ટપાલનો ત્વરિત નિકાલ કરવો કે તે માટે જરૂરી સૂચના આપવી જોઈએ. - કચેરીનું કોઈપણ કાર્ય ભલે ગમે તેટલું નાનું લાગે તો પણ વિચાર કરવો જોઈએ. - તમને જે કોઈપણ મળવા આવે તેને બેસવાનું કહેવું જોઈએ. - તમારા હાથ નીચેનો કર્મચારી મળવા આવે તો તેને બેસવાનું કહેવું જોઈએ. અધીનસ્થ કર્મચારીએ બેસવા માટે પોતાના પદ પ્રમાણે વિવેક અનુસાર 'ના' કહેવું જોઈએ. - આદર્શ રેકર્ડ રૂમ હોવો જોઈએ. - શૈક્ષણિક સંસ્થાઓની સમિતિઓમાં થયેલ ચર્ચાઓનું મહત્વ હોય છે. - સમિતિમાં મૂકવામાં આવેલ બાબત અંગેની ચર્ચા માટે અધિકારીને નોંધ આપીને સમગ્ર બાબતથી વાકેફ કરવા જોઈએ. - મોટા માણસો મિટિંગ કઈ રીતે એટેન્ડ કરે છે અથવા સંચાલન કરે છે તેને નિહાળવાનો મોકો મળે તો નિહાળવી જોઈએ. - પબ્લિક રિલેશન સુદ્દઢ હોવું જોઈએ. જેમાં સમૂહ માધ્યમો સાથે ખબરદાર રહેવું જોઈએ, સાચું સ્પષ્ટ અને ટુંકમાં જ બોલવું જોઈએ. - સ્ટાફની તાલીમ માટે સૌથી કેપેબલ તમારો બોસ હોય છે. Every officer should be a trainer. - સ્ટાફ ડેવલપમેન્ટ સેન્ટર યુનિવર્સિટીમાં હોવું જોઈએ. - દરેક કર્મચારીએ સેલ્ફ લર્નીંગ કરવું જોઈએ. - કર્મચારીને Motivate કરવા જોઈએ. - દરેક કર્મચારીએ પોતાની Brand બનાવવી જોઈએ. - પ્રત્યેક કાર્યરીતિને સન્માન સાથે જોડવી જોઈએ. - નોટીંગ એવી રીતે થવું જોઈએ કે નિર્ણય લેનાર અધિકારી સાચો અને ઝડપી નિર્ણય લઈ શકે. ૧૯મી સદીના અંતમાં ટિપ્પણનો નિયમ સયાજીરાવે વડોદરામાં સૌ પ્રથમ બહાર પાડેલો. - નોંધના પ્રથમ ફકરામાં વિષયનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. - નોંધ ટૂંકામાં ટૂંકી હોવી જોઈએ. - નોંધ સાથે તેને સ્પર્શતા કાગળો હોવા જોઈએ અને નોંધ તથા કાગળોને ગ્રંથના પાનાની જેમ નંબર પણ આપેલા હોવા જોઈએ. - નોંધમાં જે એક વખત લખાયું છે તેનો પુન : ઉલ્લેખ નહીં થવો જોઈએ. - અગત્યનું એ છે કે નોંધ મૂકવી કે નહીં તેની જરૂરિયાત સમજવી જોઈએ. - નોંધ કારકુને મૂકવી નહીં.



શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે વહીવટી કર્મચારીઓને પ્રોત્સાહિત કરતાં વધુમાં જણાવ્યું કે, જો દરેક કારકુને એવું માનવાનું નથી કે તે કારકુન છે પણ કાર્ય એવી રીતે કરવું જોઈએ કે તે ભાવિ રજીસ્ટ્રાર છે. યુનિવર્સિટીના ઈતિહાસની આ પ્રથમ કાર્યદક્ષતા શિબિરમાં તમામ અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને ભાવવિભોર બન્યા હતા. વિષયને અનુરૂપ પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. સમાપન પ્રસંગે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે દોઢ કલાકની અંદર આપણે ઘણું બધું મેળવ્યું છે અને તેનો અમલ કરવાનો છે.

આ શિબિરના પ્રારંભમાં મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાકટ્ય કર્યુ હતું. પ્રાર્થના શૈલાબેન પારેખ અને વૈજયંતીબેન દિવાનજીએ પ્રસ્તુત કરી. ઉપસ્થિત સૌ કોઈને આવકાર કુલસચિવશ્રી જે.આર.મહેતાએ આપ્યો હતો. કુલસચિવશ્રી જે. આર. મહેતાએ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકનું સ્વાગત કર્યુ. જયારે કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિએ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકનું સાલ ઓઢાડી સન્માન કર્યુ હતું તથા સ્વર્ણિમ ગુજરાતની ટ્રોફી પણ એનાયત કરી હતી. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે યુનિવર્સિટી પરિવાર વતી કુલપતિશ્રી



બી. એ. પ્રજાપતિને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું તથા સ્વર્ણિમ ગુજરાતની ટ્રોફી એનાયત કરી હતી. પ્રમુખશ્રીએ સ્વર્ણિમ ગુજરાતની ટ્રોફી કુલસચિવશ્રીને એનાયત કરી હતી.

શિબિરના પ્રારંભના સમય ૧૧-૩૦ થી ૫-૦૦ દરમ્યાન ઉદ્‌ઘોષક તરીકે પ્રારંભમાં શ્રી કપીલદેવ શુકલે કાર્ય કર્યું જયારે શ્રી રોમન ભાટિયાએ ઉદ્‌ઘોષક તરીકે વિવિધ લેખકોનાં કવોટેશન અને 'દક્ષિણાયન'ને રજૂ કરીને પ્રશંસનીય કાર્ય કર્યું હતું.

(તંત્રી)

## ગૌરવ



અખીલ ભારતીય ઈન્ટર યુનિવર્સિટી બોક્ષીંગ ટુર્નામેન્ટ કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય વારાણસી ખાતે યુનિવર્સિટીની ટીમે ભાગ લીધો હતો તેમાં ખેલાડી શ્રી કરણવીર સિંગે બી.આર.સી.એમ. (બી.બી.એ.) વિદ્યાર્થીશ્રીએ કાંશ્ય ચંદ્ મેળવી ભારતમાં યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે. આ કાંશ્ય ચંદ્ ૧૨ વર્ષ પછી પ્રથમવાર યુનિવર્સિટીમાં આવ્યો છે. આ બોક્ષીંગ ટીમને કોચશ્રી મનોજ પવાર (એન.આઈ.સી.) બોક્ષીંગ કોચ લેકચરર શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલયાએ સેવા આપી હતી. આ સમય દરમ્યાન ખેલાડીઓ બે વખત વેસ્ટ ઝોન ચેમ્પીયન બન્યા હતા અને બે વખત સીનીયર નેશનલમાં ભાગ લીધો હતો. હવે તેઓ મુંબઈમાં સુપર કપની તૈયારી કરી રહયા છે તે ૧૨ જાન્યુઆરી મુંબઈ ખાતે ભાગ લેવા જશે. અભિનંદન

## NATIONAL SEMINAR 7th February, 2010

The Department of Economics, Veer Narmad South Gujarat University, Surat [Gujarat] is organizing seminar on Corporate Social Responsibility as a part of its celebration of ten years of successful implementation of Master of Business Economics [M.B.E.] programme. The seminar is scheduled for 7th February 2010 at the department premises. The focus of this seminar is on evaluation of various schemes of the corporate sector in uplifting the social fabric.

**Themes for the Seminar:** Social Accountability of Corporate world, Corporate responsibility towards public health, Contribution of corporate sector towards educational facilities for the downtrodden, Response of corporate sector towards community development issues and infrastructural development, Corporate sector and capacity building towards weaker section, Any other related themes of corporate social responsibility

The complete paper in soft copy in Times New Roman 12 point font in MS word should reach the Department office latest by 15th January 2010. The Paper should be accompanied by an abstract of 300 words. The peer reviewed papers are likely to be published in seminar proceeding. The paper can be sent through email seminarcsr@rediffmail.com

**For further inquiry kindly contact:** (1) Dr. Subadra Ragothaman, Professor and Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat, Phone No (O) +91 261 2255475, (R) +91 261 2224439 E-mail: seminarcsr@rediffmail.com (2) Dr. Gaurang Rami, Organizing Secretary, Reader, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat., Phone No (O) +91 261 2255475, (M) +91 9879045813, E-mail: seminarcsr@rediffmail.com

## સ્પર્ધા

અન્નામલાય યુનિવર્સિટી મુકામે આંતર યુનિવર્સિટી ખો-ખો (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી. એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે. આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા અને ભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી મહેશ બી. પટેલે કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી. જે. એમ. ટંડેલ સેવા આપી રહયા છે. ટીમ : (૧) કુ. ચૌધરી કાશ્મીરા સી. (૨) કુ. ગામીત અમીષા એ. (૩) કુ. વસાવા અંજનાબેન બી. (૪) કુ. ગામીત મનીષા એલ. (૫) કુ. ગામીત સુનીતા આર. (૬) કુ. ભોયે રંજના એમ. (૭) કુ. પવાર શીલાબેન એસ. (૮) કુ. પટેલ રાજેશ્રીબેન આર. (૯) કુ. ચૌધરી રક્ષાબેન આઈ. (૧૦) કુ. વસાવા મીરાબેન. આર. (૧૧) કુ. વસાવા અંજના એ. (૧૨) કુ. ચૌધરી મનીષાબેન જી.

રાણી દુર્ગાવતી યુનિવર્સિટી, જબલપુર મુકામે આંતર યુનિવર્સિટી બેડમીનટન (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ સિન્ડિકેટ સભ્ય, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રી કિરીટસિંહ વાસદીયાના પ્રમુખ પદે તથા સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી કિશન મેહરાએ કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે પ્રો. કે. એસ. ચૌહાણ સેવા આપી રહયા છે. ટીમ : (૧) પટેલ પાર્થ એસ. (૨) પટેલ મિલન એચ. (૩) સોની કેયૂર એચ. (૪) ગુનેચા સૌરભ એસ. (૫) શ્રી કંસારા પ્રતિક એમ. (૬) કુ. પટેલ પ્રેરણા જે. (૭) કુ. બારીયા વૈશાલી એફ. (૮) કુ. પરદેશી કૂતિકા એ. (૯) કુ. બિસ્વાન મેગ્ના એમ.

મદ્રાસ યુનિવર્સિટી, ચન્નાઈ મુકામે આંતર યુનિવર્સિટી એથ્લેટીકસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ સિન્ડિકેટ સભ્ય, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્ય શ્રી કિરીટસિંહ વાસદીયાના પ્રમુખ પદે તથા સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા અને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના કોચ શ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી મોહન મારીયાએ કોચીંગ આપ્યુ હતુ અને મેનેજર

તરીકે ડૉ. અશોક શાહ સેવા આપી રહયા છે. ટીમ : (૧) ગામીત સંજય કે. (૨) મંગેલા કૃણાલ આર. (૩) ખલાસી કપીલ એચ. (૪) બારીયા નરેન્દ્ર એમ. (૫) ગામીત મુકેશ જી. (૬) ગામીત યુસુફ એસ. (૭) કુવર ઉમેશ જી. (૮) સેલર મયંક એસ. (૯) પડવી ચંબલ જી. બહેનો : (૧) કુ. ગામીત નિમીષા એ. (૨) કુ. મૈસુરીયા હિતાશ્રી આર. (૩) કુ. રાંદેરીયા ઉપાસ્ના એચ. (૪) કુ. બોસ્કર વિજેતા પી.

સી. સી. એસ., મેરઠ મુકામે આંતર યુનિવર્સિટી કુસ્તી (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ સિન્ડિકેટ સભ્ય, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્ય શ્રી કિરીટસિંહ વાસદીયાના પ્રમુખ પદે તથા સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી પરેશ કહારે કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે ડી. જી. પટેલ સેવા આપી રહયા છે. ટીમ : (૧) મકવાણા દિપક કે. (૨) યાદવ ઘનંજય ડી. (૩) સોલંકી અભિષેક એચ. (૪) પટેલ અંકિત આર. (૫) ઠાકુર ઘનશ્યામ આર.

એમ. ડી. સરસ્વતી યુનિવર્સિટી, અજમેર મુકામે આંતર યુનિવર્સિટી ટેનિસ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી. એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે. આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી અભિનંદન પાઠવ્યાં હતાં. સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી આર. એમ. ગોહીલે કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી ડી. એલ. પટેલ સેવા આપી રહયા છે. ટીમ : (૧) જરીવાલા રાજ બી. (૨) દલાલ ઉર્વીશ ટી. (૩) સોની સંતોષ એન. (૪) ગૌર વિશ્વેશ બી.

## Seminar

Seventeen students of MRS Department along with Dr. Darshan R. Bhanderi have actively participated the National Seminar on Sustainable Development of Tribal Areas Through Integrated and Eco-Friendly Approaches, held at Krishi Vigyan Kendra, N.A.U., Waghai (Dangs) during 11-13 December, 2009. Dr. Darshan R. Bhanderi Lecturer, MRS Department, presented a research papar on "A Socio-Economic Study on Tribal Families of the Dangs District Availing Financial Aid for Milch Animal".

## અનુદાન

યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. એસ.એસ. ગોદરે દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા પ્રોજેકટને ડિપાર્ટમેન્ટ ઓફ એટેમીક એનર્જીના બોર્ડ ઓફ રિસર્ચ ઈન ન્યુકલીયર સાયન્સ સ્કીમ અંતર્ગત ત્રણ વર્ષના સમયગાળા માટે રૂપિયા નવ લાખ મંજૂર કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત એક જુનિયર રિસર્ચ ફેલોની નિમણૂંક પણ કરવામાં આવશે. આ અનુદાનથી વિભાગમાં ચાલતા સંશોધનકાર્યને ગતિ મળશે. તદ્પરાંત યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા પ્રાપ્ત રૂપિયા ૫૦ લાખના અનુદાનમાંથી રૂપિયા ૧૮ લાખનાં આધુનિક ઉપકરણો વસાવવામાં આવેલ છે. જેનો ઉપયોગ સંશોધનમાં કરવામાં આવશે. આ ઉપકરણો અંગે વિભાગાધ્યક્ષ ડૉ. કે.સી.પોરિયાએ જણાવ્યું હતું કે : એમ.એસસી., એમ. ફિલ. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને મુશ્કેલી પડતી હતી તેનો અંત આવ્યો છે.

## સખાવત



આસ્તાના શ્રી ભુલાભાઈ વનમાળીદાસ પટેલ તરફથી યુનિવર્સિટીના શિક્ષણ વિભાગને એમ.એડ્.ના વિદ્યાર્થીઓ માટે 'શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલ' માટે ૫૧ લાખ રૂપિયાની સખાવતની જાહેરાત કરવામાં આવેલ હતી.

સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ના ભાગરૂપે તા. ૬-૧-૨૦૧૦ના રોજ યોજાયેલ 'વહીવટી કાર્યક્ષમતા' શિબિરમાં સખાવતની દાન પૈકી રૂા. ૨૫ લાખનો ચેક દાતાશ્રીના પ્રતિનિધિ શ્રી દિનેશભાઈ પટેલ દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.




મહુવાના જી.એચ. ભકતા મેમોરિઅલ ટ્રસ્ટે તા. ૨૨-૫-૨૦૦૯ના રોજ મેનેજમેન્ટ એકેડેમી પ્રોજેકટ માટેના ખર્ચ પૈકી ત્રીસ ટકા રકમ એટલે કે રૂપિયા દોઢ કરોડની સખાવત આપવા માટે મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીગ કર્યા હતા.



સખાવતની દોઢ કરોડની રકમ પૈકી રૂા. ૫૧ લાખનો ચેક દાતાશ્રી નારણજીભાઈ ભકતા દ્વારા કુલપતિશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.





અત્રે ઉલ્લેખનીય છે કે મેનેજમેન્ટ એકેડેમી ભવનનું ભૂમિપૂજન તા. ૨૮-૯-૨૦૦૯, વિજયાદશમીના પાવન પર્વે જી.એચ.ભકતા મેમોરિઅલ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી વિરલ પુરોહિતના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.



ટ્રસ્ટના પ્રતિનિધિઓએ નિર્માણાધીન મેનેજમેન્ટ એકેડેમી ભવનનું નિરીક્ષણ કરીને સંતોષ વ્યકત કર્યો હતો.

## કોલેજ ન્યૂઝ

### સ્વર્ણિમ ગુજરાત





સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ અંતર્ગત વલસાડ જિલ્લાની કોલેજો પૈકી જુદી જદી ૧૫ કોલેજોના ૨૧૬ વિદ્યાર્થીઓ તા. ૦૪-૦૧-૨૦01 નાં રોજ વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજનાં યજમાનપદે યોજાયેલ એક દિવસીય વ્યકિતત્વ વિકાસ શિબિરમાં ભાગ લીધો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડૉ.બી.એ.પ્રજાપતિને NCC ના કેડેટોએ સલામી આપી હતી. ત્યારબાદ સભાગૃહ સુધી પાઈલોટીંગ કરી દોરી ગયા હતા. મહેમાનોનો પરિચય ડૉ.હેમાલીબેન દેસાઈ (ડિસ્ટ્રીકટ કો. ઓર્ડી. વલસાડ જિલ્લા) એ આપ્યો હતો. પુસ્તક પુષ્પથી મહેમાનોના સ્વાગત પહેલાં પ્રિ.ડૉ.જે.એમ.નાયકે ૨૦૧૦ નું વર્ષ કે જે સ્વર્ણિમ ગુજરાત ઉજવણી વર્ષ છે તેનાં પ્રથમ દિવસે જ કોલેજમાં થયેલ "વાંચે વલસાડ કોમર્સ કોલેજનાં વિદ્યાર્થીઓ "શીર્ષક અંતર્ગત સયાજી વૈભવ લાયબ્રેરીના શ્રી મહાદેવ દેસાઈ દ્વારા સંબોધાયેલી ઓડિયો કોન્ફરન્સ દ્વારા સ્વર્ણિમ ગુજરાત ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે તેમ જણાવી ભાવિ કાર્યક્રમોની ઘોષણા કરી હતી.

ડૉ બી.એ. પ્રજાપતિએ અતિથિ વિશેષ પદેથી જણાવ્યું હતું કે : રાજય માટે ૨૦૧૦નું વર્ષ મહત્વનું છે. પહેલી મે - ૧૯૬૦માં અસ્તિત્વમાં આવેલાં ગુજરાતે તેના સ્થાપનાકાળ પછીના ૫૦ વર્ષની મજલ કાપી પૂરા વિશ્વને ગુજરાતીપણાનો અહેસાસ કરાવ્યો છે તેનો ગર્વ અને આનંદ છે. ગુજરાતની યુવા પઢીને તેમણે આહ્‌વાન કર્યુ હતું કે તેઓ ગુજરાતની અસ્મિતા માટે થોડી ચિંતા કરે અને પોતાની જાતને સજ્જ કરે. કોલેજ અને યુનિવર્સિટીએ સ્વર્ણિમ ગુજરાતમાં યોગદાન આપવાનું છે તે સંદર્ભમાં આજના વ્યકિતત્વ વિકાસ શિબિરને સુંદર રીતે આયોજિત થયેલ ગૌરવપ્રદ કાર્યક્રમ ગણાવ્યો હતો.

પ્રથમ સત્રમાં વ્યકિતત્વ વિકાસ શિબિરના પ્રથમ તજજ્ઞ વકતા શ્રી સુરેશભાઈ પ્રજાપતિએ શ્રી સ્ટીફન દ્વારા સૂચવાયેલી સાત ટેવોની ચર્ચા કરી હતી. શ્રી દિનેશભાઈ પ્રજાપતિએ મનુષ્યની ઓળખને ઉજાગર કરતું મનુષ્ય ગૌરવ ગાન 'ધરતી કી શાન' થી શરૂઆત કરી તેમણે કહયું કે આત્મવિશ્વાસ જન્મથી વધારે કે ઓછો હોતો નથી, પરંતુ બાળક ઉછેરમાં જોવાતી વ્યકિતઓ જેમ કે, માતા, પિતા, પાડોશી, શિક્ષકો એના આત્મવિશ્વાસ પર જુદા જુદા રંગ ચઢાવે છે. અંતે વિદ્યાર્થીઓ યતિન ભંડારી, નિશા પારેખ, અક્રમ મલિક, હાર્દિક વસાણી, ચિંતન પટેલ, કેયુર મહેતા, હીરેન લાડ, ચિરાંગીની ટંડેલ વિગેરેએ પ્રતિભાવો આપ્યા હતા.

પૂર્ણાહૂતિ સમારંભના અતિથિવિશેષ શ્રી દિનેશભાઈ દાસાએ (સિન્ડીકેટ સભ્યશ્રી) હળવી શૈલીમાં વાત રજૂ કરતાં કહયું હતું કે પશુઓને પર્સનાલીટી ડેવલપમેન્ટની જરૂર પડતી નથી, માણસને પડે છે કારણ કે માણસ તરલ છે તેનો કોઈ નિશ્ચિત સ્વભાવ નથી. વળી મનુષ્યોને પોતાના બીબામાં ઢાળવા ધર્મ, સંપ્રદાય, રાજકીય પક્ષો વિગેરેઓએ જે પ્રયત્નો કર્યા હોય તેથી તે કોઈ એક જેવો નહીં પરંતુ અનેક જેવો હોય છે.

આ કાર્યક્રમ સ્વર્ણિમ ગુજરાતના વલસાડ જિલ્લા કો-ઓર્ડિનેટરો, ડૉ. હેમાલી દેસાઈ અને ડૉ. નાનુભાઈ પટેલની દોરવણી હેઠળ યોજાયો હતો. અંતે ડૉ. નાનુભાઈ પટેલે અભિપ્રાય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. કે. આર. ભાવસારે કર્યુ હતું. સ્વર્ણિમ ગુજરાત કોલેજ ઈન્ચાર્જ શ્રી એમ.જી.પટેલ, સભ્યો, ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ, વલસાડ જિલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ અને અભ્યાપકોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

વિશ્વ એઈડ્સ નિમિતે "સ્વર્ણિમ સ્વસ્થ ગુજરાત"ની પરિકલ્પનાના ભાગ રૂપે જે. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના એન.એસ.એસ. / એન.સી.સી. તથા નહેરૂ યુવા કેન્દ્ર, ભરૂચના સહયોગથી એઈડ્સ અવરનેશનો પ્રોગ્રામ યોજાઈ ગયો. જેમાં મુખ્ય વકતા તરીકે જંબુસર રેફરેલ હોસ્પીટલના અધિક્ષક ડૉ. લોહાણીએ જણાવ્યું કે એઈડ્સ પ્રતિકારમાં બૌધિક વર્ગને પહેલ કરવાની અપિલ સાથે એચ. આઈ. વી. લક્ષણો દેખાય કે તરત જ પરિક્ષણ કરાવવાનું અને ગુજરાત સરકાર દ્વારા મળતી મફત તબીબી સારવારની માહિતી આપી હતી. ઈ. ચાર્જ આચાર્ય પ્રા. આર. એસ. ક્ષતિયએ જણાવ્યું કે આ રોગ યુવા જગતને પડકાર રૂપ છે તે માટે સમાજમાં અવરનેશ ફેલાવવી એજ મોટી દવા છે. એન.સી.સી.ના પ્રા.ડી.એમ.વાઘેલા તથા એન.એસ.એસ.ના પ્રા. એમ. કે. શાહે એઈડ્સના લક્ષણો અને ઉપાયો ઉપર માહિતી આપી. આ કાર્યક્રમના ભાગરૂપે યોજાયેલ નિબંધ સ્પર્ધાના વિજેતા રેશ્માબેન જાંબું, સિંધા હરજીતભાઈ અને મકવાણા સુભાષભાઈને શિલ્ડ અને સર્ટીફીકેટ એનાયત થયા હતા. આભારવિધિ એન. એસ. એસ.ના પ્રા. જે. જે. જોષીએ કરી હતી.

ઉધના સીટીઝન કો.ઓ. બેંક કોમર્સ કોલેજ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાત અભિયાનની જ્ઞાનધારા અને કોલેજની ગ્રંથાલય સમિતિના સંયુકત ઉપક્રમે તારીખ ૧૭-૧૨-૨૦૦૯ના રોજ સ્વ. પરાગજી

રણછોડજી નાયક સ્મૃતિ આંતર કોલેજ પુસ્તક સમીક્ષા સ્પર્ધા ૨૦૦૯-૨૦૧૦ યોજાઈ હતી. જેમાં સુરત જીલ્લાની વાણિજ્ય કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ અગ્રણી ગુજરાતી લેખકો લિખિત પુસ્તકો ઉપર મંતવ્યો રજૂ કર્યા હતા. જેમાં ઉધના કોમર્સ કોલેજની વિદ્યાર્થિની કુ. કડિવાલા અસ્માએ ગુણવંત શાહ લિખિત પુસ્તક - 'મરો ત્યાં સુધી જીવો' ઉપર મંતવ્યો રજૂ કર્યા હતા અને પ્રથમ ક્રમ મેળવ્યો હતો. ચોવટીયા આશાએ દ્વિતીય ક્રમ મેળવી ભગવતીકુમાર શર્મા લિખિત પુસ્તક - 'ઉર્ધ્વમૂલ' અને ગઢિયા કમલેશે તૃતિય ક્રમ મેળવી ભગવતીકુમાર શર્મા લિખિત પુસ્તક - 'માણસ નામે ચંદરવો' ઉપર મંતવ્યો રજૂ કર્યા હતા. નિર્ણાયક તરીકે શ્રીમતી યામિનીબેન વ્યાસ તેમજ શ્રીમતી સ્મીતાબેન પારેખે સેવા આપી હતી.

જે.ઝેડ. શાહ આર્ટસ અને એન.એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરતમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી હેઠળ યોજાયેલ આંતર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધામાં ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી દેસાઈ વૈભવ મુકેશભાઈ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એન.એસ.એસ., એન.સી.સી. એકમો દ્વારા તા. ૯-૧૨-૨૦૦૯ના રોજ ''સ્વર્ણિમ ગુજરાત'' નિમિત્તે આયોજીત રકતદાન શિબિરમાં ૬૬ જેટલા વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. રકતદાન શિબિરનાં ઉદ્‌ઘાટન પ્રસંગે આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા વિદ્યાર્થીઓને રકતદાન માટે પ્રેરિત કર્યા હતા. તેમજ સુરત રકતદાન કેન્દ્રના ડૉ. શ્રી ગુણવંતભાઈ દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને રકતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ શિબિરમાં સ્પંદન-ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## પારિતોષિક



નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતના પ્રિ. ડૉ. જયોતિ એમ. નાયક કૃત ''નર્મદથી નિરંજન ભગત સુધીની કવિતામાં રાષ્ટ્રભાવના'' ગ્રંથને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી વર્ષ ૨૦૦૭ના પ્રગટ થયેલા સંશોધન ભાષા-વ્યાકરણ વિભાગમાં પ્રથમ પારિતોષિક જાહેર કરવામાં આવ્યું છે. અભિનંદન.

## પરિસંવાદ




શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડદોડ સુરત દ્વારા તા. ૭ અને ૭ નવેમ્બર ૨૦૦૯ના રોજ 'શાળા કક્ષાએ ગુણવત્તા સુધારણા' વિષય ઉપર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. જેનો શુભારંભ કુલપતિશ્રી પ્રોફે. ડૉ. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને થયો હતો અને મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. જે.પી. ગોહિલે હાજરી આપી હતી. શ્રી સર્વોદય શિક્ષણ મંડળના પ્રમુખશ્રી આત્મારામભાઈ પરમાર તથા મંત્રીશ્રી મનહરભાઈ ચૌહાણ તરફથી સંસ્થાનો હેવાલ આપવામાં આવ્યો હતો. તથા કોલેજ અંગેની વિગતો આચાર્યશ્રી ડૉ. નાનુભાઈ સોલંકીએ આપી હતી. આ પરિસંવાદમાં હાજર રહેનાર પ્રતિનિધિઓનું સ્વાગત ડૉ. વિનોદભાઈ જી. પટેલ, આચાર્યશ્રી વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરત દ્વારા કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર જી. કોઠારીએ સર્વને પરિસંવાદના વિષયથી પરિચિત કરી પૂર્વભૂમિકા બાંધી હતી. આ પરિસંવાદમાં કુલ ૧૧૫ જેટલાં સંશોધકો, અધ્યાપકો અને શિક્ષકોએ ભાગ લીધો હતો. દેશના વિવિધ રાજયો જેવા કે ગાઝિયાબાદ (ઉ.પ્ર.) ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, સિક્કીમ વગેરેથી પરિસંવાદમાં હાજરી આપી હતી. આ પરિસંવાદમાં ૪૨ સંશોધન પત્રો રજૂ કરાયાં હતા. આ પરિસંવાદના પૂર્ણાહુતિ સમારંભમાં મહેમાનોને મંત્રીશ્રી મનહરભાઈ ચૌહાણ દ્વારા સંબોધવામાં આવ્યા હતા. તેમજ જીવનભારતી મંડળ સુરતના પ્રમુખશ્રી ડૉ. સી.ઝેડ. શાહના અધ્યક્ષ સ્થાને પરિસંવાદની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. જેમાં તેમણે યૂનિસેફ દ્વારા આપવામાં આવેલ શિક્ષણમાં ગુણવત્તાની વ્યાખ્યા અંગે ઉલ્લેખ કર્યો હતો.

## માર્ગદર્શન

તા. ૧૦-૧૨-૨૦૦૯ના રોજ જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે શ્રી સંદિપભાઈ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## NAAC

ઓકટોબર-૨૦૦૯ થી ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન **NAAC** દ્વારા થયેલ મૂલ્યાંકનમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતે ૨.૮૨ ગુણ મેળવી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આઠ કોલેજોમાં પ્રથમ, ગુજરાતની ૩૩ કોલેજોમાં ચોથો અને સમગ્ર ભારતની ૭૪ કોલેજોમાં નવમો ક્રમ મેળવેલ છે. અભિનંદન.

## ઉજવણી

શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી, નશાબંધી ગુજરાત રાજય સંચાલિત નવપ્રભાત વ્યસન મુકિત અને પુનઃ સ્થાપન કેન્દ્ર, નડિયાદ, પી.એચ.સી. ભેટાસીના સંયુકત ઉપક્રમે તા. ૧૭-૧૨-૨૦૦૯ના રોજ કોલેજમાં વ્યસનમુકિત અભિયાનની ઊજવણી કરવામાં આવી. જેમાં રેલી, નશો એ નાશનું મૂળ છે વિષય ઉપર નિબંધ સ્પર્ધા અને વિવિધ વકતાઓ દ્વારા જ્ઞાન ગોષ્ઠિમાં વકતવ્ય રજૂ કરવામાં આવ્યાં હતાં. નિબંધ સ્પર્ધામાં પ્રથમ - અજીતભાઈ ચૌહાણ, બીજો - રાજેશ એમ. તડવી અને ત્રીજો - શશીકાન્ત પટેલ વિજેતા રહયા હતા. જ્ઞાન ગોષ્ઠિમાં ર્ડા. કૃતિકા શાહ, ર્ડા. મેઘના પરીખ, ર્ડા. મીનાક્ષીબેન ચાવડા, શ્રી પ્રવીણભાઈ શર્મા તથા શ્રી સંજયભાઈ રોહિતે વિષયને અનુરૂપ વ્યાખ્યાન આપ્યાં.

કોલેજ તથા ગુજરાત રાજય ઉર્જા વિકાસ એજન્સી, આમરોલના ઉપક્રમે તા. ૧૪-૧૨-૨૦૦૯નાં રોજ 'રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ' દિનની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ તથા કોલેજ પરિવારે મહાત્મા ગાંધી ઉર્જા વિકાસ સંસ્થાન આમરોલની મુલાકાત લીધી. કૃષિ ઈજનેર શ્રી રસિકલાલ રાઠોડે તથા ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના શ્રી આલાભાઈ આહીરે વિષયને અનુરૂપ માહિતી આપી હતી. તદ્‌પરાંત ઉર્જા સંરક્ષણ અને ઉર્જા કટોકટી વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તદપરંત તા. ૧૦-૧૨-૨૦૦૯ના રોજ રાષ્ટ્રીય માનવ અધિકાર દિનની ઊજવણી પ્રસંગે પ્રિ. શ્રીમતી મીનાક્ષીબેન ચાવડા, શ્રમ સંયોજકશ્રી નટુભાઈ સોલંકી તથા ડૉ. મંજુલાબેન પ્રજાપતિએ વ્યાખ્યાન આપ્યાં.

● બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારીમાં તા. ૨૭-૧૧-૨૦૦૯ થી તા. ૦૫-૧૨-૨૦૦૯ દરમ્યાન ફન વીકની ઊજવણી કરવામાં આવી. જેમાં ગ્લોબલ વોર્મિંગ, અંતર્ગતનો ફયુઅલ ડે, કેમ્પસ કલીનીંગ ડે અંતર્ગત કેમ્પસ સફાઈ, યોગાભ્યાસ અંતર્ગત યોગાચાર્ય શ્રી ભરતભાઈ જોષીનું યોગ-પ્રાણાયામનું માર્ગદર્શન, લાઈબ્રેરી ડે અંતર્ગત પુસ્તક વાચન અને ડૉ. રાજન શેઠજીનું યુવાનોને મૂંઝવતા પ્રશ્નો ઉપરનું વ્યાખ્યાન, સમાજ સેવા દિવસ અંતર્ગત વિવિધ પ્રશ્નો અંગેની જાણકારી અને ગરીબ પરીવારોમાં કપડાં-બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું, સ્પોર્ટસ ડે અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા દિવસે પરંપરાગત દિવસ અંતર્ગત વિદ્યાર્થીઓએ પરંપરાગત વસ્ત્ર ધારણ કરીને ગરબાઓની રજૂઆત કરી હતી. આ સમય દરમ્યાન શૈક્ષણિક કાર્ય પણ રાબેતા મુજબ રહયું.

## ગુજરાતી દિન

શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ, સુરતમાં ગુજરાતી દિન નિમિત્તે તાલીમાર્થીઓ દ્વારા નાટક, ગુજરાતી ગીત "જય જય ગરવી ગુજરાત", કવિ નર્મદ વિશે વકતવ્ય રજૂ કરવામાં આવ્યા હતાં. ટ્રસ્ટીશ્રી એન. એસ. પંડયાએ આ પ્રસંગે તાલીમાર્થીઓને પ્રેરણાદાયી ઉદ્દ્બોધન કર્યુ હતું. તથા શ્રી જયંતિભાઈ ઠાકર અને શ્રી જયંતિભાઈ પંડયાએ આપણી માતૃભાષાને ટકાવી રાખવા, તેનું ગૌરવ અને મહત્તા વધારવા તાલીમાર્થીઓને હાકલ કરી હતી.

## વૃક્ષારોપણ

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. અને બી.સી.એ. કોલેજ, સુરત. સુરત મહાનગરપાલિકા અને રેડિયો મિરચીના સંયુકત ઉપક્રમે તા. ૨૩-૧૨-૦૯ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના સંસ્થાપક એન.એસ. પંડયા, ટ્રસ્ટીશ્રી પ્રદિપ એન. પંડયા તેમજ બી.એડ્. અને બી.સી.એ.ના ઈ.ચા. આચાર્ય, પ્રાધ્યાપકગણ અને વિદ્યાર્થીમિત્રો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બી.એડ્. અને બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓએ સુરત શહેરને "હરિયાળુ સુરત" બનાવવા માટેની શપથ લીધી હતી. આ કાર્યક્રમનું રેડિયો મિરચી પર જીવંત પ્રસારણ થયેલ હતું.

# વાચન વિશેષ

## પટાવાળાની પડખે

બાબુભાઈ સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ હતા, તે સમયે એક સમારંભ યોજવામાં આવ્યો હતો. ખુલ્લા મેદાનમાં સ્ટેજ બંધાઈ ગયું હતું. મહેમાનો અને પ્રેક્ષકો માટે સંકડો ખુરશીઓ મુકાઈ ગઈ હતી. મુખ્ય મહેમાનને આવવાની થોડી જ મિનિટો બાકી હતી. એટલામાં મેઘરાજાની પધરામણીના ધડાકા ભડાકા આકાશમાં થવા લાગ્યા. સમારંભનું સ્થળ તાકીદે ખસેડીને બાજુના હોલમાં લઈ જવાની જરૂર ઊભી થઈ. તે સમયે હાજર રહેલ બાબુભાઈએ જોયું કે આ બે-ત્રણ પટાવાળા સમયસર અંદર ખુરશીઓ મૂકી નહીં શકે હમણાં જ મુખ્ય મહેમાનની સવારી આવી પહોંચશે. ઉપકુલપતિના પોતાના મોભાને બાજુએ મૂકીને બાબુભાઈએ તરત જ ખુરશીઓ ઊંચકી બાજુના હોલમાં મૂકવા માંડી.

મુખ્ય મંત્રી તરીકે પોતાને જયાં પણ જવાનું હોય ત્યાં તેમનો કાર્યક્રમ બાબુભાઈ પોલીસને જણાવતા નહીં, જેથી પોલીસના રોજ-બ-રોજની કામગીરીમાં દખલ ન પડે. ઉપરાંત પોલીસની ભારે બંદોબસ્તના કારણે તેમના ભાડા-ભથ્થાનો બોજ સામાન્ય લોકોના શિર ઉપર પડે નહીં. તેઓ કહેતા કે, "હું લોકોનો છું. લોકો મારા છે, પછી મારે કોનાથી ડરીને ચાલવાનું ?"

ગુજરાત વિધાનસભાની ૧૯૭૨ની ચૂંટણીમાં બાબુભાઈ હાર્યા ત્યારે અમે તેમને મળવા ગયેલા. એ સમયે એમના મુખ ઉપર પરાજયના દુખની નાની સરખી રેખા પણ દેખાતી નહોતી અને ખૂબ રસથી કવિ નર્મદનું જીવનચરિત્ર એ વાંચી રહયા હતા.

- (સાભાર : અરધી સદીની વાચનયાત્રા : ૩)

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અધતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલવા વિનંતી. બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭. આપશ્રી સમાચાર **dakshinayan.vnsgu@gmail.com** પર મોકલી શકો છો.

અત્યાસન્ના વિનાશાય દૂરતશ્ચાફલપ્રદાઃ | મધ્યભાવેન સેવ્યન્તે રાજા વહિનર્ગુરૂઃ સ્ત્રિયઃ ||

રાજા, અગ્નિ, ગુરૂ અને સ્ત્રીજન એટલાની ઘણી નજીક જઈએ, તો તે આપણો વિનાશ કરે. જો ઘણે દૂર રહીએ, તો આપણને સારાં ફળ ન આપે, એટલે તેમની મધ્યમસરની સેવા કરવી.

સુભાષિત નીતિમંજરી

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT


**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com